ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

KRCSC BHAVNAGAR

"વિજ્ઞાન ભવન" પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

DST Department of Science & Technology Government of Gujarat

GUJARAT COUNCIL ON SCIENCE AND TECHNOLOGY GOVERNMENT OF GUJARAT

**Phone** : 0278-2570111 **WhatsApp** : 8866570111 **Email** : krcscbvn@gmail.com **Website** : www.krcscbhavnagar.org

<u>ખગોળ વિજ્ઞાન, ગણિત, વિજ્ઞાન અને ટેકનોલોજીના પ્રચાર-પ્રસાર હેતુ</u>
<u>અખબાર યાદી આપના/ની પ્રસિદ્ધ અખબાર/ચેનલમાં વિનામૂલ્યે પ્રકાશિત કરવા વિનંતી.</u>

Date : 19th February, 2021

પ્રતિ,
તંત્રી શ્રી,
.......................................................................,
ભાવનગર.

## રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ નિમિત્તે ફોરેન્સિક સાયન્સ, હેમ રેડીઓ અને આર્ટીફીશીયલ ઈન્ટીલેજ્ન્ટસ વિષય પર એક દિવસીય વર્કશોપનું આયોજન.

ગુજરાત સરકારના વિજ્ઞાન વિભાગના પેટા વિભાગ ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર દ્વારા સંવર્ધિત અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર દ્વારા પ્રેરિત કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા વિજ્ઞાનને સમાજ ઉપયોગી બનાવવા અને પર્યાવરણ પ્રત્યે લોક જાગૃતતા લાવવા ૧૭ વર્ષથી અનેકવિધ કાર્યક્રમો દ્વારા કાર્યરત છે.

ભારતના મહાન વૈજ્ઞાનિક અને નોબલ પારિતોષિક વિજેતા ડો. સી.વી. રામનની યાદમાં ૨૮મી ફેબ્રુઆરીને પ્રતિ વર્ષે વિવિધ વિષય અંતર્ગત રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ તરીકે ઉજવવામાં આવે છે. આ વર્ષે રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ – ૨૦૨૧ની ઉજવણીના ભાગરૂપે કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર અને કાળીયાર રાષ્ટ્રીય ઉદ્યાન, વેળાવદર દ્વારા તા.૨૮-૦૨-૨૦૨૧ને રવિવારના રોજ એક દિવસીય વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું છે.

આ વર્કશોપમાં તજજ્ઞો દ્વારા પ્રાયોગિક રીતે ફોરેન્સિક સાયન્સ, હેમ રેડીઓ અને આર્ટીફીશીયલ ઈન્ટીલેજ્ન્ટસ વિષયોને આવરી લઈને તેના ઉપયોગો વિષે વિશેષ માહિતી આપવામાં આવશે. તદ ઉપરાંત ફોરેન્સિક સાયન્સ વિષય સબંધિત પ્રાણીઓના વર્તુક અને તેના નીર્વાહને સમજવા માટે કાળીયાર રાષ્ટ્રીય ઉદ્યાન, વેળાવદરની મુલકાતનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં મુલાકાત દરમ્યાન ઉદ્યાનમાં રહેલ મ્યુઝીયમ અને ત્યારબાદ રાત્રી આકાશ દર્શન વગેરે કાર્યક્રમો કરવામાં આવશે.

આ વર્કશોપ નિ:શુલ્ક છે. આ વર્કશોપમાં ભાગ લેવા ઈચ્છિત લોકો એ વહેલા તે પહેલાના ધોરણે www.krcscbhavnagar.org / upcoming events પર 26-02-2021 11:59:59 PM સુધીમાં પોતાના નામનું રજીસ્ટ્રેશન ફરજીયાત કરાવવાનું રહેશે. નામની નોંધણી ફરજીયાત રહેશે. ભાગ લેનાર તમામ લાભાર્થીઓને પ્રમાણપત્ર આપી પ્રોત્સાહિત કરવામાં આવશે. **નોંધણીના પ્રથમ 100 વ્યક્તિઓ જ ભાગ લઇ શકશે.**

વધુ માહિતી માટે 8866570111 પર 11 AM થી 5 PM દરમ્યાન સંપર્ક કરી શકાશે.

19/02/2021
5:40PM
(હર્ષદ જોષી)
કો-ઓર્ડીનેટર,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,
ભાવનગર.



follow us on YouTube KRCSCBhavnagar
Also like our facebook Pages : krcscbhavnagarpage | EBCBhavnagar | CreativeCHEMISTRYClub | BACBhavnagar | bapukhagolmelaBhavnagar | VIPNETClubBhavnagarGJ0013 | BURDBhavnagar